<u>રે.દિ.મુ.નં. ૯૯/૨૦૨૨</u>

<u>આંક: ૧૯ સી.પી.સી ઓર્ડર–૭, રૂલ–૧૧ અને કલમ ૧૫૧ મુજબની અરજી લગત હુકમ</u>

૧. પ્રતિવાદી નં.૧/૧, ૧/૨ ની હાલની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે વાદીનો દાવો પ્રતિવાદી સામે ટકી શકતો ન હોય વાદીની દાવા અરજી નીચેના કારણોસર નામંજુર થવા અરજી કરેલ છે. દાવા અરજીના પેરા–૧ મા રે.દી.મુ.નં૨૬૨/૧૭ મા જણાવેલ હકિકતોથી વિપરીત વિગતો એવી જણાવેલ છે કે મોજે ભોયણી, તા.દેત્રોજ સીમના જુના સર્વે/બ્લોક નં.૨૧ પૈકી જેનુ ક્ષે.૪૬–૧૦ એ.ગુંઠા (૧૮–૨૨–૧૬) હે.આરે.ચો.મી. તે જમીન આવેલ છે. તેમા કેટલોક હીસ્સો તાલુકેદારના ખાતાનો હતો. તેમા ૧૦–૧૬ એ.ગુંઠા જમીનના અમારા વડવા નામે સોમાભાઈ જીભાઈ તાલુકેદારના ગણોતીયા હતા તેવુ જણાવેલ છે. વધુમા વાદી તેમના દાવાના સદર પેરામા એવુ છે કે ૧–૩૦ એકર ગુંઠા જમીન ઘરે બેઠા આ કામના પ્રતિવાદીના પિતા મફતલાલ માધવલાલ વ્યાસનાઓએ છનાભાઈ સોમાભાઈને વેચાણ કરેલ છે. આ કામે વાદગ્રસ્ત જમીન ૨–૮૦–૧૬ હે.આરે.ચો.મી. છે. આગળ જણાવે છે કે તકરારી જમીન ૧–૩૦ એ.ગુંઠા આ કામના વાદીએ એટલે કે છનાભાઈ સોમાભાએ ઘરે બેઠા થયેલ વેચાણ ખતને આધારે ભોયણીયા બાબુલાલ ખોડીદાસ (પ્રતિવાદી નં.૨) ને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે તે જ જમીનની હકક પત્રકે બોગસ વારસાઈ નોંધ નં.૧૪૩૯ ની પડેલ છે જે ફકત એકડમીક બની ગયેલ છે. તેવુ વાદીનુ કથન માની શકાય તેમ નથી.

જયારે રે.દી.મુ.નં.૨૬૨/૧૭ મા વાદીએ મોજે ભોયણી તા.દેત્રોજ સીમના જુના સર્વે/બ્લોક નં.૨૧ પૈકી જેનો નવો સર્વે/બ્લોક નં.૬૬૭ જે ક્ષેત્રફળમા હે.આરે.ચો.મી. ૨–૨૯–૬૬ જેનો ખાતા નં.૨૩૩ વાળી ખેતીની જમીન અમો વાદીઓના મુળ વડવા નામે સોમાભાઈ જીભાઈ નાયક (વ્યાસ)ની માલીકી, કબજા ભોગવટા જાત ખેડની આવેલ હતી અને સોમાભાઈ જીભાઈ નાયક તા.૧૩–૮–૧૯૮૪ ના રોજ ગુજરી જતા તેમના એકમાત્ર વારસદાર તરીકે વાદી નં.૧ નુ નામ ઉપરોકત ખેતીની જમીનમા વારસાઈ નોંધ નં.૯૫૫ તથા નોંધ નં.૧૩૬૧ તથા ૧૪૩૮ થી દાખલ થયેલ અને ત્યારબાદ ઉપરોકત ખેતીની જમીનમા વાદીઓ નં.૨ થી ૫ ના માલીક તથા કબજેદાર તરીકે હયાતીમા હકક દાખલ કરવાની નોંધ નં.૨૩૫૮ થી વાદી નં.૨ થી ૫ ના ઉપરોકત ખેતીની જમીનના માલીક તથા કબજેદાર તરીકે નામો દાખલ થયેલ તેવુ જણાવે છે. ખરી હકિકતે જુના સર્વે/બ્લોક નં.૨૧ પૈકી જેનો નવો સર્વે નં.૬૬૭ જે ક્ષે.હે.આરે.ચો.મી.૨–૨૯–૬૬ જેનો ખાતા નં.૨૩૩ વાળી ખેતીની જમીન વાદીઓના મુળ વડવા નામે સોમાભાઈ જીભાઈ નાયક (વ્યાસ) ની માલીકી, કબજા ભોગવટા જાતે ખેડની આવેલ હતી કે કેમ ? તે અંગેના કોઈ કાયદેસરના આધાર પુરાવા દાવા અરજી તથા મનાઈ અરજી સાથે સામેલ કરેલા નથી, પરંતુ ગામ દફતરે નોંધ નં.૯૫૫ તથા નોંધ નં.૧૩૬૧ તથા ૧૪૩૮ ગેરકાયદેસર પડાવેલ તેનો ખોટો

આધાર લઈ રે.દી.મુ.નં.૨૬૨/૨૦૧૭ દાવા તથા મનાઈ અરજી કરેલ. સદરહુ જમીન અંગે હાલના વાદી–નાયક છનાભાઈ સોમાભાઈએ અમો પ્રતિવાદીના પિતાશ્રી સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસના સીધી લીટીના વારસદારના ખોટા પુરાવાઓ, દસ્તાવેજો ઉભા કરી ગામ દફતરે તલાટી–કમ–મંત્રી સાથે મેળાપિપણુ કરી વારસાઈ નોંધ નં.૧૪૩૯, તા.૨૪/૦૧/૧૯૯૭ ના રોજ પડાવેલ તે બાબતે તેઓને જાણ થતા કાયદેસરના આધાર પુરાવાઓ, વિગતો એકત્ર કરી વિવાદીઓ તરફે કનુભાઈ મફતલાલ ઉર્ફે મફાભાઈ વ્યાસનાઓ દ્વારા નાયબ કલેકટરશ્રી, વિરમગામ પ્રાંતની કોર્ટમા આરટીએસ/અપીલ નં.૧૦/૨૦૧૨ થી પ્રતિવાદી (૧) છનાભાઈ સોમાભાઈ (૨) નાયબ મામલતદારશ્રી, વિરમગામનાઓ વિરુધ્ધ જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના નિયમ ૧૦૮(૫) મુજબ વિવાદ અરજી તા.૪/૧/૨૦૧૨ ના રોજ દાખલ કરેલ જે કામમા નાયબ કલેકટરશ્રી, વિરમગામ પ્રાંત, વિરમગામનાઓએ તા.૦૫/૦૭/૨૦૧૩ ના રોજ હુકમ અનુસાર મોજે ભોયણી, તા.દેત્રોજના સ.નં.૨૧ પૈકી એ.૧–૨૯ ગુંઠા જમીન બાબતે તા.૨૪–૧–૧૯૯૭ ના રોજ પાડવામા આવેલ વારસાઈ નોંધ નં.૧ ૪૩૯ જે નાયબ મામલતદાર (મ્હે) વિરમગામે તા.૨૬–૦૨–૧૯૯૭ ના રોજ પ્રમાણીત કરેલ છે તે ના–મંજુર કરવા આથી ઠરાવવામા આવે છે. વધુમા સાચા વારસદારો તરફે વારસાઈ નોંધ જરૂરી પુરાવા રજુ થયેથી વારસાઈ નોંધ દાખલ કરવા રેકર્ડ ઓફ રાઈટસ મુજબ કાર્યવાહી કરવા મામલતદારશ્રી દેત્રોજને આથી સુચના આપવામા આવે છે.

ત્યારબાદ નાયબ કલેકટરશ્રી, વિરમગામ પ્રાંતની કોર્ટમા આરટીએસ/અપીલ નં.૧૦/૨૦૧૨ ના વાદી–નાયક છનાભા સોમાભાઈએ જીલ્લા કલેકટરશ્રી, અમદાવાદની કોર્ટમા નં.એલબી/રી.અ.નં.૨૪૩/૨૦૧૫ થી તેઓ તથા તેમના પુત્ર નાયક કૌશીકકુમાર છનાભાઈનાઓએ ફેરતપાસ અરજી દાખલ કરેલ જે અરજી ગુણદોષ પર ચાલી જતા તા.૬–૭–૨૦૧૬ ના રોજ રીવીઝન અરજી નામંજુર કરવામા આવેલ અને નાયબ કલેકટરશ્રી, વિરમગામ પ્રાંત, જી. અમદાવાદે કરેલ વાદગ્રસ્ત હુકમ તા.૦૫/૦૭/૨૦૧૩ કાયમ રાખવાનો હુકમ કરેલ. ત્યારબાદ જીલ્લા કલેકટરશ્રી, અમદાવાદની કોર્ટમા એલ.બી./રી.અ.નં.૨૪૩/૧૫ ના હુકમથી નારાજ થઈ વાદી નાયક છનાભાઈ સોમાભાઈ તથા કૌશીકકુમાર છનાભાઈ નાયકનાઓ જમીન મહેસુલ નિયમોના નિયમ–૧ ૦૮(૬) (એ) હેઠળ ફેર તપાસણી અરજી અધિક સચિવ, મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદ સમક્ષ નં.મવિવિ/હકપ/અમદ/૩૧૫/૨૦૧૬ થી દાખલ કરતા સદર કામ ગુણદોષ પર ચાલી જતા તા.૨૫/૧૦/૨૦૧૭ ના રોજ રીવીઝન અરજી ગુણદોષ જોતા ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી અને કલેકટરશ્રી અમદાવાદનો વાદગ્રસ્ત એલબી/રી.અ.નં.૨૪૩/૨૦૧૫ તા.૬/૭/૨૦૧૬ કાયમ રાખવા હુકમ કરેલ.

વાદીએ રે.દી.મુ.નં.૨૬૨/૨૦૧૭ થી નામ. કોર્ટમા દાવા તથા મનાઈ અરજી કરેલ જેમા વાદીની મનાઈ અરજી ગુણદોષ પર ચાલી જતા આંક–૫ તા.૦૫–૦૨–૨૦૧૮ ના રોજ વાદીની મનાઈ અરજી નામંજુર કરતો કોર્ટ હુકમ કરેલ છે. જેથી દાવો વાદીના પુરાવા પર આવેલો જે પુરાવાના સ્ટેજે વાદીએ આંક–૬૨ થી પુરસીસ દાવો પરત કરવાનો તથા નવો દાવો દાખલ કરવા પરવાનગી માંગતા શરતી પરવાનગી આપવામા આવેલ જેથી હાલનો દાવો વાદી કોર્ટમા ખોટી અને ઉપજાવી કાઢેલી હકિકતે અને વિગતે લાવેલ છે. વાદીના હાલમા દાવામા પ્રતિવાદી નં.૧ના કાયદેસરના વારસદારોની માહીતી હોવા છતા સદર દાવામા કાયદેસરના વારસદારો જોડવામા આવેલ નથી.

સર્વે નં.૬૬૭ ખાતા નં.૩૩૩ ની જુની શરતની ખેતીની જમીન ૨–૨૯–૬૬ પ્રતિવાદીના પિતાશ્રી સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસના નામે ફેરફાર નોંધ નં.૨૮૬૧ થી માલીકી કબજા–ભોગવટાની આવેલ છે અને સરકારી અર્ધ–સરકારી કચેરીઓમા પણ અમારા સ્વ. વડીલશ્રીના નામે વર્ષોથી ચાલતી આવેલ છે તથા તેના વખતો વખતના સરકારશ્રીના વેરા–વિઘોટી ભરપાઈ કરતા આવેલ છે તેમજ વખતો વખત ખેતી કરતા આવેલ છે. પરંતુ સમય જતા અમારા સ્વ. વડીલશ્રી મફાભાઈ માધુભાઈ વ્યાસનુ કુદરતી રીતે તા.૧૯/૧૦/૧૯૯૩ ના રોજ અવસાન થતા તેમજ અમારા માતૃશ્રી સવિતાબેન મફાભાઈનુ પણ તા.૨૩/૦૬/૨૦૦૫ ના રોજ અવસાન થતા ગુ.ના હીન્દુ વારસા અધિનિયમ અન્વયે સીધી લીટીના વારસોમા (૧) પ્રભાવતીબેન (૨) ભીખાભાઈ (૩) કોકીલાબેન (૪) કનુભાઈ વારસદાર તરીકે આવેલ છે. સમય જતા સુમનબેન ઉર્ફે કોકીલાબેન તે મફતલાલ માધુભાઈ વ્યાસની દીકરીનુ કુદરતી રીતે તા.૨૪/૧૨/૨૦૦૦ના રોજ અવસાન થતા તેમના હયાત કાયદેસરના વારસદારોમા (૧) પરેશભાઈ જયંતીભાઈ દેસાઈ (૨) વિશાલભાઈ જયંતીભાઈ દેસાઈનાઓ હોઈ તેમજ પ્રભાવતીબેન તે મફાભાઈ ઉર્ફે મફતલાલ માધુભાઈ વ્યાસની દીકરીનુ પણ ગઈ તા.૧૬/૩/૨૦૨૧ ના રોજ કુદરતી રીતે અવસાન થતા તેમના હયાત વારસદારોમા (૧) પંકજકુમાર સોમાભાઈ વ્યાસ (૨) આનંદકુમાર સોમાભાઈ વ્યાસ તથા (૩) જગદીશભાઈ સોમાભાઈ વ્યાસનાઓ હયાત વારસદારો હોઈ કાયદેસરના આધાર પુરાવાઓ પેઢીનામાઓ, જરુરી પુરાવાઓ સહીત દાવાવાળી જમીનમા પ્રતિવાદીઓના વડીલશ્રી સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસના નામે ફેરફાર નોંધ નં.૨૮૬૧ થી માલીકી કબજા ભોગવટાની આવેલ છે. આમ ગુ. સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસના હાલ હયાત વારસદારો ઉપરોકત જણાવ્યા અનુસારના હોવા છતા વાદીએ તેમની દાવા અરજીમા પ્રતિવાદી (૧) સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસ મૈયત તથા પ્રભાવતીબેન તે મફાભાઈ ઉર્ફે મફતલાલ મૈયતના વારસો એ રીતે જણાવેલ છે પરંતુ સાચી હકિકતો છુપાવેલ છે.

આમ વાદીને પ્રથમથી જ એ હકિકતની જાણ કે સદરહુ દાવાવાળી વાદગ્રસ્ત મિલકતના માલીક કબજેદાર ભોગવટેદાર માત્ર અને માત્ર પ્રતિવાદી નં.૧ સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસ છે તેમ છતા તદન ખોટી અને ઉપજાવી કાઢેલી મનઘડત હકિકતોનો આધાર લઈ હાલનો દાવો કોર્ટમા છુપો અંગત બદ ઈરાદો, બદ હેતુ સર કરવાના ભાગરૂપે લાવેલ હોય તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે. વાદીને હાલનો દાવો લાવવા માટેનુ કોઈ વ્યાજબી કારણ નથી કે ઉપસ્થિત થયેલ નથી, દાવો લાવવા માટેના વ્યાજબી અને યોગ્ય કારણોનો અભાવ જણાઈ આવે છે દાવો ટકી શકે તે કારણો દર્શાવવાનુ ફરજીયાત હોવા છતા વાદીએ જણાવેલ નથી. વાદીની દાવા અરજી અર્થહની નિરર્થક છે કારણ કે વાદી કોર્ટમા સત્ય હકિકત સાથે ચોખ્ખા હાથે આવેલા નથી. વાદીને હાલનો દાવો કરવા માટે લોકસ સ્ટેન્ડી નથી. સદરહુ દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસના નામે રેવન્યુ રેકર્ડમા તથા અન્ય સરકારી અર્ધ સરકારી રેકર્ડમા ચાલે છે. સદર મિલકત ઉપર કોઈપણ જાતનો લાગભાગ હકક હીસ્સો નથી કે તે સબંધી પ્રતિવાદી નં.૧ એ કોઈપણ જાતના લખાણો કરારો વાદીને કરી આપેલ નથી. આમ વાદી તકરારી સ્વભાવના પોતાનુ ધાર્યુ કરવાવાળા દાદાગીરી કરી પ્રતિવાદીઓને કાયદાનો દુર ઉપયોગ કરી છેલ્લા ઘણા વર્ષોથી યેન કેન પ્રકારે હેરાન પરેશાન કરી કરાવી રહેલ છે. વાદીને માત્ર ને માત્ર અમારા વડીલોપાર્જીત વાદગ્રસ્ત જમીન ખોટી રીતે પચાવી પાડવામા જ રસ છે જે માટે વાદીએ પ્ર તિવાદીઓ ઉપર વારંવાર કેસો કરી, ડરાવીને પોતાનો બદ આશય બદ હેતુ સર કરી કરાવી રહેલ છે જેના ભાગ રૂપે હાલનો દાવો અગમ્ય કારણોસર છુપો બદ ઈરાદો, બદ આશયથી સર કરવાના ભાગ રૂપે કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર કરેલ છે. જેથી વાદીઓ દાવો સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧ (ડી) મુજબ રદ કરવા તથા વળતર અપાવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

૨. વાદી તરફે હાલની અરજીનો કોઈ લેખીત જવાબ રજુ કરવામા આવેલ નથી પરતુ તેઓ તરફે મૌખીક દલીલો કરવામા આવેલ જે કોર્ટ દ્વારા સાંભળવામા આવેલ છે.

૩. આ કામે પ્રતિવાદીઓના વિ. વકિલશ્રી દ્વારા તેમની અરજી મુજબની મૌખીક દલીલો કરવામા આવેલ જે સાંભળવામા આવેલ છે.

૪. આ કામે પ્રતિવાદીઓએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ અન્વયે આપેલ હોય તેથી સદર જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

Order 7 Rule 11 : Rejection of plaint.—The plaint shall be rejected in the following cases:—

(a) where it does not disclose a cause of action;

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

(c) where the relief claimed is properly valued but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp- paper within a time to be fixed by the Court, fails to do so;
(d) where the suit appears from the statement in the plaint to be barred by any law;
(e) where it is not filed in duplicate;
(f) where the plaintiff fails to comply with the provisions of rule

૫. અત્રે પ્રતિવાદી વિ.વ.શ્રીએ વાદીની દાવા અરજી રદ કરવા જે કારણો જણાવેલ છે તેમા પ્રથમ શું વાદીને દાવો દાખલ કરવાનુ દાવા કારણ ઉત્પન્ન થયેલ છે કે કેમ તેમજ વાદીના દાવાને કોઈ કાયદાની કલમથી બાધ છે કે કેમ તેની ચર્ચા કરવી યોગ્ય જણાય છે અને તે સંબંધે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા **KULDEEP SINGH PATHANIA *v. BIKRAM SINGH JARYAL, CIVIL APPEAL NO. 4080 OF 2014 Dt. JANUARY 24, 2017*** ને વંચાણે લેવુ જરૂરી છે જેમા નામ. સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે.

> “the scope of the enquiry at that stage has to be limited only to the pleadings of the plaintiff, neither the written statement nor the averments, if any, filed by the opposite party for rejection under Order VII Rule 11(a) of the Code or any other pleadings of the respondents can be considered for that purpose.”

આમ ઉપરોકત ચુકાદામા ઠરાવેલ પ્રસ્થાપિત સિંઘ્ધાતને ઘ્યાને લેતા સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧(અ) મુજબનીઅરજીના નિર્ણય સમયે માત્ર દાવા અરજી તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને જ ઘ્યાને લેવાના હોય છે.

૫.૧ નામ. દિલ્હી હાઈકોર્ટે તેમના ચુકાદા **Tilakraj Bhagat v. Ranjit Kaur and Others, IA 4895 of 2010 Dt.20th March 2012** મા નીચે મુજબ ઠરાવેલ છે.

> "While considering an application under Order 7 Rule 11 CPC, the Court has to look at the averments made in the plaint by taking the same as correct on its face value as also the documents filed in support thereof. Neither defence of the defendant nor averments made in the application have to be given any weightage. Plaint has to be read as a whole together with the documents filed by the plaintiff.

૫.૨ નામ સુપ્રિમ કોર્ટના ચુકાદા **Church of Christ Charitable Trust & Educational Charitable Society v. M/s Ponniamman Educational Trust, CIVIL APPEAL NO. 4841 OF 2012 Dt. 03/07/2012** મા નીચે મુજબ ઠરાવેલ છે.

''A perusal of Order VII Rule 11 CPC makes it clear that the relevant facts which need to be looked into for deciding an application thereunder are the averments in the plaint. The trial court can exercise the power under Order VII Rule 11 CPC at any stage of the suit before registering the plaint or after issuing summons to the defendant at any time before the conclusion of the trial. For the purposes of deciding an application under clauses (a) and (d) of Rule 11 of Order VII CPC, the averments in the plaint are germane; the pleas taken by the defendant in the written statement would be wholly irrelevant at that stage, therefore, a direction to file the written statement without deciding the application under Order VII Rule 11 CPC cannot but be procedural irregularity touching the exercise of jurisdiction by the trial court.

૬. આમ ઉપરોકત તમામ ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતોને ઘ્યાને લેતા સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ (એ) તથા (ડી) મુજબની અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે માત્ર દાવા અરજીમા કરેલ હકિકતો તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ઘ્યાને લઈ નિર્ણય કરવાનો હોય છે કે શું વાદીને દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે, શું વાદીના દાવાને કાયદાની જોગવાઈઓને બાધ છે જો ઉપરોકત જોગવાઈમાંથી એક જોગવાઈમા જો વાદીનો દાવો પડે તો વાદીની દાવા અરજી રદ થવા પાત્ર છે. આમ વાદીની દાવા અરજી રદ કરવાની અરજીના નિર્ણય કરતા સમયે પ્રતિવાદીએ રજુ કરેલ દાવા જવાબ કે તેમણે રજુ કરેલ પુરાવાઓને કોર્ટે ઘ્યાને લેવાના નથી. વધુમા નામ. સુપ્રિમ કોર્ટે **T.Arivand andam vs. T.V. Satyapal & Anr., (1977) 4 SCC 467** માં નીચે મુજબ પ્રસ્થાપિત કરેલ છે.

"The learned Munsif must remember that if on a meaningful reading of the plaint it is manifestly vexatious, and meritless, in the sense of not disclosing a clear right to sue, he should exercise his power under Order VII, Rule 11 C.P.C. taking care to see that the ground mentioned therein is fulfilled. And if clever drafting has created the illusion of a cause of action nip it in the bud at the first hearing by examining the party searchingly under Order X, C.P.C. An activist Judge is the answer to irresponsible law suits. The trial Courts would insist imperatively on examining the party at the first hearing so that bogus litigation can be shot down at the earliest stage. The Penal Code is also resourceful enough to meet such men, (Cr.XI) and must be triggered against them.

આમ નામ. સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતને ઘ્યાને લેતા કોર્ટે પ્રતિવાદીએ લીધેલ બચાવને ઘ્યાને લેવાનુ નથી પરંતુ વાદીએ રજુ કરેલ દાવા અરજી તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ઘ્યાને લેતા ખરેખર જો વાદીને દાવો કરવાનુ કારણ ન હોય ત્યારે દાવો આગળ ચલાવી શકાય નહી. વધુમા ઉપરોકત ચુકાદામા નામ. સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે ખરેખર

જયારે દાવો આગળ ચલાવવા પાત્ર ન હોય તો ટ્રાયલ કોર્ટની જવાબદારી છે કે તેને શરૂઆતના તબકકે જ સી.પી.સી.ની જોગવાઈઓ મુજબ નિકાલ કરે.

૭. દાવાનુ કારણ ઘણી બધી હકિકતો એકત્ર થઈ અને કાયદામાં જણાવેલ જોગવાઈઓથી વાદીને કોઈ કાયદેસરનો હકક મેળવવા સક્ષમ બનાવે છે. તેથી વાદીએ દરેક હકિકત કે જેના પર તે પોતાનો કેસ પુરવાર કરવાના હોય તે સ્પષ્ટ રીતે દાવા અરજીમા જણાવવાની રહે છે. દાવાના કારણમા પ્રતિવાદીએ કરેલ કૃત્યનો સમાવેશ થવો જોઈએ કે જે કૃત્યે વાદીને દાવાનુ કારણ ઉત્પન્ન કરેલ હોય જો તે કારણ જણાવવામા આવેલ ન હોય ત્યારે વાદીને દાવાનુ કારણ નથી તેમ કહી શકાય. વધુમા નામ. સુપ્રિમ કોર્ટે તેમના ચુકાદા **Bloom Dekor Ltd. vs. Subhash Himatlal Desai & Ors. (1994) 6 SCC 322** મા નીચે મુજબ ઠરાવેલ છે.

> By cause of action it is meant every fact, which, if traversed, it would be necessary for the plaintiff to prove in order to support his right to a judgment of the Court,

૮. આમ વાદીએ કોર્ટનુ હુકમનામુ મેળવવા તેમને પુરવાર કરવાની તમામ હકિકતો તેમના દાવા અરજીમા જણાવી જરૂરી છે. ઉપરોકત ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતની જોગવાઈઓને ધ્યાને લઈ હાથ પરના કેસની દાવા અરજી તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતા વાદીને ખરેખર દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે કે કેમ તે સબંધે વાદીએ રજુ કરેલ દાવા અરજી વંચાણે લેવી જરૂરી છે. વાદીએ દાવા અરજીમા એવી હકિકત જાહેર કરેલ છે કે ભોયણી, તા.દેત્રોજ, જી. અમદાવાદની સીમના જુના સર્વે/બ્લોક નં.૨૧ પૈકી જેનુ ક્ષે.૪૬–૧૦ એ.ગુંઠા વાળી જમીન આવેલ છે. તેમા કેટલોક હીસ્સો તાલુકેદારના ખાતાનો હતો. તેમા ૧ ૦–૧૬ એ.ગુંઠા જમીનના તેમના વડવા નામે સોમાભાઈ જીભાઈ તાલુકેદારના ગણોતીયા હતા. તાલુકેદાર એબોલીસન એકટની જોગવાઈઓ નીચે ૫૧–૦૦ રૂપિયા ભરી તેમના વડવા કબજેદાર બનેલા છે. સોમાભાઈ જીભાઈને મોજે ભોયણી મુકામે મજકુર સર્વે નંબરમા અન્ય કેટલીક જમીન પણ હતી અને આ સઘળી જમીનોમાંથી તેઓએ હયાતી દરમ્યાન કેટલીક જમીનોનો નિકાલ પણ કરેલ છે અને તેમને ખાતે સને ૧૯૬૧–૬૨ ના અરસામા ૫–૨૭ એ.ગુંઠા જેટલી ખેતીની જમીન મજકુર સર્વે નંબરમા બચેલ જેને ખાતા નં.૧૮૫ આપવામા આવેલ. સર્વે નં.૨૧ પૈકી જેનુ ક્ષે.૪૬–૧૦ એ.ગુંઠા છે તેમા ઘણા બધા ખેડુતો ખાતેદાર હતા અને અલાયદો ખાતા નંબર ધરાવતા હતા અને અલાયદી જમીનો હતી. સઘળા ખાતેદારો પૈકી પ્રતિવાદીના પિતા નામે મફતલાલ માધવલાલ વ્યાસ પણ ખાતા નં.૧૩૦ થી ખાતેદાર હતા અને તેમને ખાતે સને ૧૯૬૪–૬૫ મા ૬–૧૩ાા એ.ગુંઠા જમીન રેકર્ડે હતી તેની હકકપત્રકે નોંધ નં.૮૧ ની છે. પ્રતિવાદી ના પિતાશ્રીએ ૧–૧૦ એ.ગુંઠા જમીન રજી. વેચાણ

દસ્તાવેજ નં.૧૩૫/૬૫ થી સોમાભાઈ જીભાઈને વેચાણ કરેલ તેની હકકપત્રકે નોંધ નં.૪૯૯ થી પડી પ્રમાણીત થયેલ છે અને તે જ અરસામા ૧–૩૦ એકર ગુંઠા જમીન ઘરે બેઠા પ્રતિવાદીના પિતા મફતલાલ માધવલાલ વ્યાસનાઓએ છનાભાઈ સોમાભાઈને વેચાણ કરેલ છે. આ ઘર બેઠે કરેલ ખતને કરારનું હેડીંગ આપેલ છે. જે ખત આઉટ એન્ડ આઉટ વેચાણ ખત છે. જે દાવાના કામે વાદગ્રસ્ત જમીન નથી. પરંતુ તેટલી જમીનની તકરાર પક્ષકારો વચ્ચે છે. વાદગ્રસ્ત જમીન ૨–૮૦–૧૬ હે.આરે.ચો.મી. છે. જેના વાદી વારસાઈ હકકે માલીકી કબજે ભોગવટેદાર છે અને હાલમા તેનો કબજો ભોગવટો પણ વાદી પાસે છે અને તેમા ખેતી કરે કરાવે છે. પ્રતિવાદીના પિતાશ્રી નામે મફતલાલ માધવલાલ વ્યાસનાએ બાકીની ખાતા નં.૧૩૦ ની જમીન ૩–૨૦ એ.ગુંઠા પટેલ અમરાભાઈ રામાભાઈને વેચાણ કરેલ છે તેની હકકપત્રકે નોંધ નં.૧૦૮૬ થી પડી પ્રમાણીત થયેલ છે. ત્યારથી મફતલાલ માધવલાલ વ્યાસનુ ૧૩૦ નંબરનુ ખાતુ નીલ થઈ ગયેલ છે. તકરારી જમીન ૧–૩૦ એ.ગુંઠા વાદીએ એટલે કે છનાભાઈ સોમાભાઈએ ઘરે બેઠા થયેલ વેચાણ ખતને આધારે ભોચણીયા બાબુલાલ ખોડીદાસ (પ્રતિવાદી નં.૨) ને રજી. વેચાણ દસ્તાવેથી વેચાણ આપેલ છે. જેની હકકપત્રકે નોંધ નં.૧ ૫૨૦ થી પડી પ્રમાણીત થયેલ છે. રજી. વેચાણ ખતનો નં.૧૬૭/૯૮ છે. મજકુર ૧–૩૦ એ.ગું. જેટલી ૧૩૦ નંબરના ખાતા વાળી પ્રતિવાદીના પિતાશ્રીની જમીન વેચાણ થતા ભોચણીયા બાબુલાલ ખોડીદાસને મજકુર જમીન બાબતે ખાતા નં.૧૮૫/અ આપવામા આવેલ. આ મજકુર જમીનનુ વેચાણ વાદીએ કોઈ વારસાઈ હકકે મળેલ જમીનનુ કરેલ નથી પરંતુ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાનુ કરેલ છે. જે ઘર બેઠા લીધેલ જમીન પ્રતિવાદી નં.૨ ને વેચાણ આપેલ છે તેના ખુંટ એક જ સરખા છે અને તે જ છે ૧.૩૪૦ એ.ગું. જમીન જે પ્રતિવાદી નં.૨ ને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે તે જ ખેતીની જમીનની હકક પત્રકે બોગસ વારસાઈ નોંધ નં.૧૪૩૯ ની પડેલ છે જે ફકત એકેડમીક બની ગયેલ છે. સને ૧૯૬૫ અને તે પછીના ઉપરોકત વેચાણ વ્યવહારોને લઈને પ્રતિવાદીના પિતાનુ ખાતુ નીલ થતા વાદીની સઘળી જમીનને ખાતા નં.૧૮૫ બદલી ખાતા નં.૨૩૩ આપેલ છે અને ભોચણીયા બાબુલાલ ખોડીદાસને ૧.૩૦ એ.ગુંઠા જેટલી જમીનને ખાતા નં.૨૩૪ આપવામા આવેલ. આમ વાદીના ખાતા નં.૧૮૫ મા ૨–૮૦–૧૬ હે.આર.ચો.મી. જેટલી ખેતીની જમીન વારસાઈ હકકે મળેલ છે. જેના હાલમા વાદીઓ માલીક કબજેદાર છે. સોમાભાઈ જીભાઈ નાયક (વ્યાસ) ની માલીકી કબજા ભોગવટાની જાત ખેડની આવેલ હતી અને સોમાભાઈ જીભાઈ નાયક તા.૧૩/૮/૧૯૮૪ ના રોજ ગુજરી જતા તેમના એકમાત્ર સીધી લીટીના વારસદાર તરીકે વાદીનુ નામ ઉપરોકત ખેતીની જમીનમા વારસાઈ નોંધ નં.૯૫૫ તથા નોંધ નં.૧૩૬૧ તથા ૧૪૩૮ થી દાખલ થયેલ અને એ રીતે ઉપરોકત ખેતીની જમીન વાદીના વડીલોપાર્જીત, વારસાઈ હકકે માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા જાત ખેડની

ચાલી આવે છે અને સદર ખેતીની જમીનમા તેઓએ હાલમા વાવેતર કરેલ છે અને સદર ખેતીની જમીનની ચારે બાજુ થોરની તથા લીમડાના ઝાડ વિગેરેની વાડ આવેલ છે તેમજ સદર ખેતીની જમીનોના ઉતર–પશ્ચિમ શેઢે એક ઈલેકટ્રીકનો થાંભલો તથા ખેતરમા બીજા ત્રણ ઈલેકટ્રીક થાંભલા એમ કુલ ચાર ઈલેકટ્રીક થાંભલા આવેલ છે. ઉપરાંત ખેતીની જમીનના વચ્ચોવચ એક લીમડાનુ ઝાડ આવેલ છે અને અડધો શેઢો આવેલ છે અને ઉપરોકત ખેતીની જમીનના આવતા તમામ પ્રકારના સરકારી તેમજ બીનસરકારી વેરાઓ તેમજ ખર્ચાઓ પણ વાદી ભોગવતા આવેલા છે. એ રીતે ઉપરોકત ખેતીની જમીન વાદીની વડીલોપાર્જીત વારસાઈ હકકે, માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની જાત ખેડમા ચાલી આવેલ છે અને તેમા વાદી વરસો વરસ ખેતી કરી ઉપજ નિપજ લેતા આવેલ છે અને તે રીતે ઉપરોકત ખેતીની જમીન વાદીની વડીલોપાર્જીત વારસાઈ હકકે માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને જાત ખેડમા આવેલ છે. પ્રતિવાદી નં.૧ એ ૨૧ પૈકી સર્વે નંબરની ૧–૨૯ એ.ગુંઠા ખાતા નં.૧૩૦ વાળી ખેતીની જમીનની બોગસ વારસાઈ નોંધ નં.૧૪૩૯ ને પ્રમાણીત કરતા ના. મામલતદારશ્રી વિરમગામના નિર્ણય/હુકમ સામે આરટીએસ/અપીલ નં.૧૦/૨૦૧૨ થી ના.કલકેટર સામે કોઈ વિવાદ/અપીલ કરેલ નથી. રેવન્યુ કોડ તથા નિયમો સર્કયુલર તથા ઠરાવો મુજબ બે જુદી જુદી નોંધો લગત અલગ અલગ વિવાદ કરવાનો નિયમ છે. મજકુર જમીન બાબતે અધુરા વિવાદ અપીલ કરેલ છે. જે મજકુર આરટીએસ/અપીલ નં.૧૦/૨૦૧૨ તળે ના. નાયબ કલેકટરશ્રીએ નોંધ નં.૧૪૩૯ ના મંજુર કરતો હુકમ કરેલ અને વધુમા સાચા વારસદારો તરફે વારસાઈ નોંધ માટે જરૂરી પુરાવા થયેથી વારસાઈ નોંધ દાખલ કરવા સુચના આપેલ હતી. વારસાઈ નોંધ નં.૧૪૩૯ નામંજુર કરતા હુકમની રેકર્ડ પર અસર આપતા નોંધ નં.૨૭૦૧ થી વાદીની વારસાઈ હકકે માલીકીની સર્વે નં.૨૧ પૈકી ખાતા નં.૨૩૩ ક્ષે.૨–૦૮–૧૬ હે.આરે.ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી ૧–૨૯ એ.ગું. ૦–૬૮–૮૧ હે.આરે.ચો.મી. જેટલી જમીન કમી કરી દીધેલ છે અને તેટલી ખેતીની જમીન પ્રતિવાદી નં.૧ ના નામે વારસાઈ નોંધ નં.૨૭૯૬ થી કરેલ છે. વાદીઓનુ સબમીશન એવુ છે કે જયારે પ્રતિવાદી નં.૧ થી ૨૧ પૈકી સર્વે નં.૧–૨૯ એ.ગું. ૮૦–૬૯–૮૧ હે.આરે.ચો.મી. વાદીને ૧૯૬૫ મા ઘેરબેઠા કરેલ વેચાણ ખતને આધારે વેચાણ લીધેલ અને મજકુર જમીન પ્રતિવાદી નં.૨ ને રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૬૭/૯૮ થી વાદીને અઘાટ વેચાણ કરી દીધેલ હોઈ નોંધ નં.૨૭૦૧ થી કમી કરતી અસર વાદીની વારસાઈ હકકે માલીકી કબજા ભોગવટાની જમીનમાંથી આપી શકાય નહી અને પરીણામે પ્રતિવાદી નં.૧ ની વારસાઈ પણ થઈ શકે નહી. આમ મામલતદારશ્રીનો વાદીની વારસાઈ હકકે માલીકીની જમીનમાંથી જમીન કમી કરતો અને નોંધ નં.૨૭૦૧ થી અસર આપતો નિર્ણય/હુકમ તથા તેટલી જમીનની વારસાઈ પ્રતિવાદી નં.૧ની નોંધ નં.૨૭૯૬ થી કરતો નિર્ણય/હુકમ ખોટો, ભુલ ભરેલો, ગેરવ્યાજબી, કુદરતી ન્યાયના સિંધ્ધાતો વિરુધ્ધનો

ગેરકાયદેસરનો હકુમત વાપરી કરેલો અને જેનો અમલ અસંભવીત અને અશકય છે તેવો હોઈ નિર્ણય/હુકમ તથા પ્રસ્તૃત નોંધો રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં.૧ ની રેમીડી વેચાણ ખત નં.૧ ૬૭/૯૮ અને વેચાણ નોંધ નં.૧૫૨૦ રદ કરવાની થાય છે અને તે પ્રમાણે પ્રતિવાદી નં.૧ ને પ્રોપર ક્ર ોસ કરવો જોઈએ. વાદીએ ફેરફાર નોંધ નં.૨૭૯૬ જે પ્રતિવાદી નં.૧ ની વારસાઈ કરતી નોંધ છે તે સામે વાંધા અરજી આપી વાંધો ઉઠાવતા કેસને તકરારી રજીસ્ટરે મામલતદારશ્રીએ લઈ આરટીએસ/કેસ નં.૮/૧૪ થી રજીસ્ટર કર્યો મજકુર કેસ તળે ના. મામલતદારશ્રીએ નોંધ નં.૨૭૯૬ નામંજુર કરતો હુકમ કરી વાદીની વારસાઈ હકકે માલીકી કબજા ભોગવટાની ૦૨–૮૦–૧૬ હે.આરે.ચો.મી. જેટલી ક્ષેત્રફળ વાળી ખેતીની જમીન જેનો ખાતા નં.૨૩૩ અને સ.નં.૨૧ પૈકી છે. તેમાંથી વાદીના નામ કમી કરતો હુકમ પણ કરેલ છે અને વાદીની સઘળી જમીનમા પ્રતિવાદીઓના નામ દાખલ થયેલ. વાદીનુ સબમીશન એવુ છે કે જયારે પ્રતિવાદી નં.૧ ના ખાતા નં.૧૩૦ સ.નં.૨૧ પૈકીની જમીનનુ ખાતુ નીલ થઈ ચુકયુ છે અને વારસાઈ નોંધો રદ થઈ ચુકી છે ત્યારે વાદીની જમીનમાંથી વાદીનુ નામ કમી કઈ રીતે થઈ શકે. વાદીની ખાતા નં.૨૩૩ સ.નં.૨૧ પૈકી માલીકીની જમીનમા પ્રતિવાદી નં.૧ નુ નામ કયા કારણસર દાખલ થઈ શકે. આમ મામલતદારશ્રીનો આરટીએસ કેસ નં.૮/૧૪ તળેનો વાદીઓના નામ ખાતા નં.૨૩૩ માંથી કમી કરતો હુકમ અને તેની નોંધ નં.૨૮૬૧ ની અસર આપી પ્રતિવાદી નં.૧ ના નામ દાખલ કરતો હુકમ ખોટો, ભુલ ભરેલો, ગેરવ્યાજબી કુદરતી ન્યાય સિંધ્ધાત વિરુધ્ધનો ગેરકાયદેસરનો, હુકમત વગરનો, એકસેસીવ હુકમત વાપરીને કરેલો, બેકાયદા, સતા વિહોણો તેવો રદ થવાને પાત્ર છે અને કલકેટરશ્રી કરેલ તેમા તા.૩૧/૧૨/૨૦૧૮ ના હુકમમા જણાવેલ છે કે વાદગ્રસ્ત જમીન બાબતેનો નિર્ણય–દાવાના પરીણામ ઉપર આધાર રાખશે. રેવન્યુ કાર્યવહીનોમા વાદીની સ.નં.૨૧ પૈકીની ખાતા નં.૨૩૩ ક્ષે.૨–૮૦–૧૬ હે.આરે.ચો.મી. ખેતીની જમીન ગેરકાયદેસર રીતે પ્રતિવાદીઓના નામે થઈ ગયેલ હોઈ મજકુર ખેતીની જમીન વાદી વારસાઈ હકકે માલીક કબજેદાર ભોગવટેદાર છે એવુ ઠરાવી લેવા અને કાયમી મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે.

૧૦. સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ની અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે માત્ર દાવા અરજીના કથનો તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજોને વંચાણે લઈ, શું વાદીના દાવાને કોઈ કાયદાનો બાધ છે? શું વાદીને દાવો દાખલ કરવાનું કારણ છે? તે નકિક કરવાનું હોય છે. સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ની અરજીનો નિર્ણય કરતી વખતે પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ અથવા દાવો રદ કરવાની અરજીમા લીધેલ મુદાઓને ધ્યાને લેવાના હોતા નથી. પ્રતિવાદી ધ્વારા હાલની અરજીમા એવી તકરાર લેવામા આવેલ છે કે વાદીને હાલનો દાવો લાવવા માટેનુ કોઈ વ્યાજબી કારણ ઉપસ્થિત થયેલ નથી. પરંતુ વાદીની દાવા અરજી ધ્યાને લેતા વાદીને દાવો કરવાનુ કારણ ઉત્પન્ન થયેલાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમા પ્ર

તિવાદીઓ તરફે હાલની અરજીમા એવી તકરાર લેવામા આવેલ છે કે વાદી કોર્ટમા ચોખ્ખા હાથે આવેલ નથી. પરંતુ સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ અન્વયેની અરજીનો નિર્ણય કરતી વખતે વાદીએ જણાવેલ હકિકતો સબંધે અનુમાન કરવાનુ હોય છે. તેથી પ્રતિવાદીની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમા પ્રતિવાદી તરફે એવો વાંધો ઉઠાવવામા આવેલ છે કે વાદીને દાવો કરવાનુ કોઈ લોકસ સ્ટેન્ડી નથી પરંતુ વાદીની દાવા અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતા વાદીને દાવો કરવાનુ લોકસ સ્ટેન્ડી છે તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે. પ્રતિવાદીએ વધુમા એવા કથનો કરેલ છે કે દાવાવાળી મિલકત સ્વ. મફાભાઈ માધુભાઈ વ્યાસના નામે રેવન્યુ રેકર્ડમા તથા અન્ય સરકારી અર્ધ–સરકારી રેકર્ડમા ચાલે છે. સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક–હીસ્સો કે દાવો અલાખો નથી કે તે સબંધી પ્રતિવાદી નં.૧એ કોઈપણ જાતના લખાણો, કરારો વાદીને કરી આપેલ નથી પરંતુ આ હકિકતોએ પુરાવાનો વિષય છે. જેથી વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ (ડી) ની જોગવાઈઓનો બાધ નડતો હોય તેવુ જણાતુ નથી.

હાલના દાવામા વાદીની દાવા અરજી સંપુર્ણ રીતે વંચાણે લેતા વાદીના દાવો પ્રથમ દર્શનીય રીતે દાવો કરવાનો જે કારણ ઉત્પન્ન થયેલાનું જણાઈ આવે છે. તેથી હાલના તબકકે વાદીને કોઈ દાદ મળી શકે તેમ કહી શકાય નહી. જેથી જેથી અરજી તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>//હુકમ//</u>**

૧. પ્રતિવાદી નં.૧/૧, ૧/૨ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આજરોજ તા. ૨૪ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**(રવિ એસ. ટહેલીયાણી)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
દેત્રોજ.
કોડ નં.જીજે૦૧૩૪૬

તા.૨૪/૦૨/૨૦૨૫.